લોકસાહિત્યના તમામ કથ્ય અને ગેય સ્વરૂપોની ઉત્પતિની સર્જન પ્રક્રિયા ઊંઝાનગરના સંદર્ભમાં

- ડૉ. અમૃત પટેલ

પૂર્વ પ્રિન્સિપાલ,

ડી.એન.પી. આર્ટસ -કોમર્સ કોલેજ, ડીસા.

લોકસાહિત્ય શબ્દ પહેલવહેલીવાર ૧૯૨૦માં કાકા સાહેબ કાલેલકર 'આપણું લોકસાહિત્ય' નામના લેખના શીર્ષકમાં પ્રયોજયે છે. તેવું જ 'લોકગીત શબ્દનું છે. ૧૯૦૫ માં રણજીતરામ વાવારામ મહેતા અમદાવાદ મુકામે યોજાયેલ ગુજરાતી સાહિત્ય પરિષદના અધિવેશનમાં 'લોકગીત' નામે એક નિબંધ વાંચે છે ત્યારથી 'લોકગીત'· શબ્દ વ્યાપક બને છે. જયારે ૧૮૮૫માં રૂસ્તમ ખુરશેદ ઇરાની 'લોકકથા' શબ્દનો પ્રથમ પ્રયોગ કરે છે. રણજીતરામ વાવારામ મહેતા કરતાં પણ પહેલા ગુજરાતી લોકસાહિત્યના ઇતિહાસમાં લોક શબ્દનો પ્રથમવાર ઉપયોગ આ પારસી અભ્યાસી રૂસ્તમ ખુરશેદ ઇરાની કરે છે. ત્યાર બાદ મેઘાણી અને ત્યાર પછીના તમામ સંશોધકો, સંપદકોએ આ શબ્દોનો એવો તો પ્રચાર-પ્રસાર કર્યો કે આ 'લોકસાહિત્ય', 'લોકગીત', 'લોકકથા' જેવા શબ્દો સામાન્ય જનસમુદાયમાં સહજ રીતે પ્રચલિત બન્યા અને વ્યાપક પ્રમાણમાં રૂઢ થઇ ગયા. જયારે હવે લોકવિદ્યા, લોકસંસ્કૃતિ અને લોકનાટ્ય જેવા પ્રાશ્ચાત્ય શબ્દો આ દિશાના અભ્યાસીઓના ચિત્તમાં રૂઢ થઇ ગયા છે.

ગુજરાતી લોકસાહિત્યની આખી વિભાવના અંગ્રેજી પુસ્તકોના અભ્યાસના પ્રભાવમાંથી આપણે ત્યાં ઉતરી આવી હોઇ, લોકસાહિત્યના જુદા જુદા સ્વરૂપો લોકગીત, લોકકથા, લોકનાટયના લક્ષણો અને તેનો અભ્યાસ પણ અંગ્રેજી પ્રભાવમાંથી હજુ સુધી બહાર આવી શકયો નથી. લોકસાહિત્યના આ જુદા જુદા કથ્ય અને ગેય સ્વરૂપોના લક્ષણોને પણ આપણે પશ્ચિમના પ્રભાવથી અભ્યાસીએ છીએ. આપણા પોતાના પરંપરાગત મૌલિક ખ્યાલોથી આપણે તેના લક્ષણોનો અભ્યાસ હજુ સુધી કરતા નથી. જો આવા અભ્યાસો થયા હોય તો તેમાં મૌલિકતા ઓછી અને અંગ્રેજી પ્રભાવ ખૂબ જ ઝાઝો હોય છે. આ દિશામાં આપણે જાગૃતિ લાવવાની જરૂરી છે. લોકસાહિત્યના આ બધા સ્વરૂપો વિષે આપણે ત્યાં પરંપરાથી તેની ચોકકસ સંજ્ઞો છે. જેવી કે "ગાણાં" 'રાહડો" (રાસડો) 'વાત' કે 'વાતો', 'ગરબા', 'ગરબી', 'ફટાણાં', 'મરશિયા', 'રાજીયા', 'હાલરડા', 'પ્રભાતિયા', 'ઓઠા', 'દુહા', 'ટુચકા', 'સાખી', 'ભજન' આ બધી સંજ્ઞાઓને આપણે વિસારે પાડી દઇને 'લોકગીત' અને 'લોકકથા' આ બંને સંજ્ઞાઓને આપણે અપનાવી લીધી છે. ગેય તમામ

સ્વરૂપોને આપણે લોકગીત સંજ્ઞામાં ગોઠવી દીધા, જયારે કથ્ય તમામ સ્વરૂપોને લોકકથા સંજ્ઞામાં ગોઠવી દીધા. જેમ કે ઓઠા, ટૂચકા, વાતો વગેરે.

પ્રથમ તો આપણે સમજવું પડશે કે 'લોકસાહિત્ય' એ સાહિત્ય છે જ નહીં. તેનો સ્વીકાર કરવો પડશે. ત્યાર બાદ જો આપણે તેનો અભ્યાસ કરીશું તો જ આપણે તેની ઉત્પત્તિનાં ઇતિહાસને, તેની સર્જન પ્રક્રિયામાં પડેલી ઘટનાઓને ઉજાગર કરી શકીશું. લોકસાહિત્યની કૃતિઓની ઉત્પતિની વિલક્ષણ ઘટનાઓને આપણે ભાગ્યે જ શોધી શકયા છીએ. લોકસાહિત્યની પ્રત્યેક કૃતિની ઉત્પત્તિનો આગવો ઇતિહાસ છે. લોકગીત, લોકકથા, લોકવાર્તા, લોકનાટય તમામ કૃતિઓના મૂળ સુધી પહોચવું એટલે નદીના મૂળ સુધી પહોંચવા જેવી દુષ્કર ઘટના છે. પરિશ્રમણપૂર્ણ યાત્રા છે. અફાટ દરિયામાં ઊંડે જઇને મોતી શોધી લાવવા જેવું છે.

લોકસાહિત્યની તમામ કૃતિઓ એ સાહિત્યની કૃતિઓ છે જ નહી તેમ કહીએ છીએ ત્યારે એ પ્રશ્ન આવે કે તો આ શું છે ? લોકસાહિત્યની તમામ કૃતિઓ એ તો ઇતિહાસની સામગ્રી છે. સમાજજીવનમાં બનેલ વિલક્ષણ ઘટનાઓની અશ્મિઓ છે. લોકસંસ્કૃતિનો એક ભાગ છે. પરંપરાગત લોકસંસ્કૃતિનો ખજાનો છે. નૃવંશશાસ્ત્ર, સમાજશાસ્ત્ર અને ઇતિહાસના અભ્યાસની પાયાની સામગ્રી છે. આ દૃષ્ટિએ તો આપણે લોકસાહિત્યને જોયું કે તપાસ્યુ' જ નથી. માટે પ્રત્યેક લોકગીત કે પ્રત્યેક લોકકથાના ઉત્પતિની સર્જન પ્રક્રિયાને આપણે જાણી શકતા નથી. લોકસાહિત્યની પ્રત્યેક કૃતિની ઉત્પત્તિની સમસ્યાને આપણે ઉકેલવી હોય કે તેના મૂળ સુધી પહોચવું હોય તો લોકસાહિત્યના અભ્યાસી પાસે જે તે પ્રદેશની ભૂગોળનું, જે તે પ્રદેશના ઇતિહાસનું, જે તે જ્ઞાતિના ઇતિહાસનું, જે તે પ્રદેશની સંસ્કૃતિનું, ઝીણામાં ઝીણું જ્ઞાન કે અભ્યાસ હોય તો જ તેની ઉત્પત્તિના રહસ્યોને શોધી શકાય. લોકસાહિત્યની કોઇપણ કૃતિનો અભ્યાસ કરવો હોય તો જે તે પ્રદેશના તહેવારો, વહેવારો, ઉત્સવો, મેળાઓ, માન્યતાઓ, ખાનપાન, પોશાક પ્રકૃતિ, વેલાઓ, વનસ્પતિઓ, રીત-રિવાજો, વ્યવસાય અને વ્યવસાયના ઓજારો, બોલી, ઘરની બાંધણી, રાચરચિલું, આભૂષણો વગેરેનો ઝીણામાં ઝીણો અભ્યાસ હોવો અત્યંત આવશ્યક છે. આવી સજ્જતા કેળવેલી વ્યક્તિ જો આ ક્ષેત્રમાં આવે તો જ લોકગીત કે લોકકથાની પ્રત્યેક કૃતિના ઉત્પતિના રહસ્યોને આપણે ઉદ્ઘટિત કરી શકીશું. અન્યથા તો હાલ જેમ ચાલે છે તેમ જ લોલમ લોલ એકે કહ્યું, બીજાએ કહ્યું અને બધાએ સ્વીકારી લીધું. તેમ જ ચાલ્યા કરવાનું છે.

ઉચ્ચ શિક્ષણ અભ્યાસ નિમિત્તે ઓગણીસોને ચોર્યાસીમાં લોકસાહિત્યના ક્ષેત્રમાં પ્રવેશ કર્યો ત્યારથી એકધારો આ વિદ્યાશાખામાં જ ઊંડો ઉતરતો ગયો, આ પ્રદેશના ગીતો, કથાઓ, ઉત્સવો, તહેવારો, મેળાઓનું ઓડિયો, વિડીયો દ્વારા દસ્તાવેજીકરણ કરતો રહ્યો. જે તે પ્રદેશની જ્ઞાતિનો, જે તે સ્થળોના ઇતિહાસની સામગ્રીનો અભ્યાસ કરતો રહ્યો છું. ઊંઝા નગર અને ઊંઝા નગરમાં પરંપરાથી રહેતી પાટીદાર જ્ઞાતીના ઇતિહાસનો ઊંડો અભ્યાસ કરતા લોકસાહિત્યના તમામ ગેય અને તમામ કથ્યસ્વરૂપોની સ્થિતિના રહસ્યોને હું ઉદઘાટિત કરી શકયો છું. લોકસાહિત્યના પ્રત્યેક સ્વરૂપના મૂળમાં રહેલી, કોઇ કાળે સમાજજીવનમાં બનેલી ઘટનાઓના પુરાવાઓ સાથે પ્રત્યેક સ્વરૂપોની ઉત્પત્તિને આપણે જોઇએ. પ્રથમ રૂઢિપ્રયોગથી શરૂઆત કરીએ.

(૧) રૂઢિ પ્રયોગ : દીવો રાણો કરવો

દીવો રાણો કરવો એટલે દીવો ઓલવવો. દીવાને ઓલવવા માટે દીવો રાણો કરવો એવો શબ્દપ્રયોગ કે રૂઢિ પ્રયોગ ઉત્તર ગુજરાતના ઊંઝા નગરના આજુબાજુના ગામોમાં વપરાશમાં જોવા મળે છે. આજે તો ઘેર ઘેર લાઇટો આવી ગઇ છે. પણ આજ થી ૩૫-૪૦ વર્ષ પહેલાં જયારે ગામોમાં લાઇટો ન્હોતી ત્યારે સમી સાંજે પેટાવેલ દિવો રાત્રે સૂતી વખતે ઓલવવા માટે 'દીવો રાણો કરવો' એવો રૂઢિ પ્રયોગ લોકો પ્રયોજતા હતા.

આ દીવો રાંણો કરવો એમ લોકો શા માટે કહેતા હશે ? તો તેના પેટાળમાં કે મૂળમાં ઊંઝા નગરમાં બનેલી અને ચારેકોર હાહાકાર મચાવી દેનારી વિશિષ્ટ ઘટના જવાબદાર છે.

વિ.સ. ૮૦૨ માં વનરાજ ચાવડાએ જયારે પાટણની સ્થાપના કરી ત્યારે રાણા પતરામલજીને ઊંઝાના પટાવત નીમેલા. આ પતરામલજીના સંતાનો તેમજ તેમના ભાઇઓના સંતાનોના વંશજો વગેરે મળીને રાણાઓના ૨૫૦ જેટલા ઘર ઊંઝામાં થયા. આ રાણાઓ ઊંઝામાં અનર્થ, અનીતિ, જોરજુલમ કરતા, કોઇની પાસે સારી વસ્તુ જુએ તો ધાકધમકીથી પડાવી લેતા, લોકો તેમના ડરથી ફફડી ઊઠતા. આ રાણાઓએ ઊંઝાના વેગડા ગામીના દીકરા રૂડા ગાંમીને મારી નાંખ્યો હતો. ત્યારે હેમાળા મોલ્લોત અને રાણા ગાંમીએ બન્ને જણાએ પાટણના રાજા સિદ્ધરાજ જયસિંહને રૂબરૂ મળી સઘળી બિનાની માહિતી આપી. ગુપ્ત મંત્રણા કરી, સિદ્ધરાજે પોતાના પટાવત જાદવને બોલાવીને કહ્યું, 'આ બન્ને જણા કહે એમ તમે કરજો, એ કહે તેમ નહીં કરો તો તમે મારા પટાવત નથી.' આ જાદવ પટાવતે વિ.સં. ૧૧૪૨ ના મહાવદી ત્રીજના દિવસે હેમાળા મોલ્લાતેને

અને રાણા ગાંમીને મળીને ફાગણ મહિનામાં હથિયાર સાથે જાદવોને મોકલીને રાંણાઓને ખત્મ કરવાનું છટકું ગોઠવ્યું.

હેમાળા મોલ્લોતે રાંણાઓને જમવા માટે નિંમત્રણ આપ્યું. જમવા આવ્યા, ત્યારે બાર ભઠ્ઠીઓનો દારૂ મંગાવીને તેમને પીવડાવ્યો. રાંણાઓ નશામાં ચકચૂર થયા ત્યારે સિદ્ધરાજે મોકલાવેલ જાદવો કે જે અગાઉથી આવીને સંતાઇ રહ્યા હતા. તેમને ઇશારો કરીને બોલાવ્યા. જાદવોએ રાંણાઓનો ખાંડો કાઢી નાખ્યો. મોટી કત્લેહામ ચાલી. આ કત્લેહામમાં કોઇ રાંણો જીવતો ન રહ્યો. આ રાંણાઓના નાશ પછી જાદવો ઊંઝા નગરમાં આવીને વસ્યા. (આ ઘટના પછી સિદ્ધરાજે ઊંઝાની કુલ જમીનનું માપ કઢાવ્યું ત્યારે ઊંઝાનો રકબો સીમતળની કુલ જમીન પાંછઠ હજાર વીઘા હતી.)

દીવાને ઓલવવા માટે 'દીવો રાંણો કરો.' એમ રૂઢિપ્રયોગ ઊંઝા નગરની આસપાસના ગામોમાં રાંણાઓને રહેંસ નાખવાની ઘટના બાદ વપરાવો શરૂ થયો. આવો રૂઢિપ્રયોગ કેવી રીતે વપરાવો શરૂ થાય છે તો કોઇ સમાજમાં બનેલી વિલક્ષણ ઘટનાને કારણે અગર તો હજારો માણસોના અનુભવમાંથી આવેલ કોઇ સાર્વત્રિક સત્યમાંથી તે ઉતરી આવતો હોય છે. દીવો રાંણો કરવો એ રૂઢિ પ્રયોગમાં મૂળમાં કેવી ઊંડી ઐતિહાસિક એવી વિલક્ષણ ઘટના પડેલી છે. આ ઘટનાને કોણ શોધી શકે ? વૃક્ષ દેખાય પણ તેના મૂળ કોઇ જ જોઇ શકતું નથી. નદીના મૂળને જોવું કે વૃક્ષના મૂળની ઊંડાઇને માપવી કેટલી દુષ્કર હોય છે. આવા રૂઢિ પ્રયોગના મૂળને શોધવું, જોવું, તપાસવું, ચકાસવું કેટલું બધુ કઠિન કાર્ય છે. કેટલું તપ તપ્યા પછી સાહિત્યના અફાટ મહાસાગરમાં અનેક ડૂબકીઓ માર્યા પછી આવું એકાદું નાનકડું સત્ય હાથ લાધતું હોય છે કે મહામુલું રતન જડતું હોય છે.

(૨) કહેવતઃ મન હોય તો માળવે જવાય

આ કહેવત અંગ્રેજી કહેવત " Will Will find a way" "ના ગુજરાતી પર્યાય તરીકે વપરાય છે. મન હોય તો માળવે જવાય એમ જ કેમ કહેવાયું ? ઝાલાવાડ, ગોહિલવાડ, અજમેર, સુરત કે જયપુર જવાય એમ કેમ કહેવાતું નથી. તો આ ઘટના પાછળ પણ એક વિલક્ષણ ઘટના જવાબદાર છે. મન હોય તો માળવે જવાય તે કહેવતના સર્જન પાછળ એક લાંબા પટ પર પથરાયેલી વિલક્ષણ ઘટનાઓ જવાબદાર છે.

આ કહેવતના મૂળમાં આ ઘટનાક્રમ ઘટેલો છે : માળવાના સિન્ધવરાજઃ સિન્ધવઃ સિન્ધુરાજ કે જે મુંજનો ભાઇ હતો. તે સિન્ધુરાજ લગ્ન કરવા માટે પાટણ આવ્યો હતો. આ સિન્ધુરાજનો માળવાનો શાસનકાળ ઇ.સ. ૯૯૭ થી ઇ.સ. ૧૦૧૧ એટલે વિ.સ. ૧૦૪૩ થી વિ.સ. ૧૦૬૭ હતો. આ સિન્ધરાજ જયારે અણહીલપુર પાટણ લગન કરવા આવ્યો ત્યારે પાટણના રાજાએ આ પંથકના પાટીદાર આગેવાનોને લગ્નમાં ઉપસ્થિત રહેવા માટે નિમંત્રણ આપેલું. આ પાટીદાર આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત હતા. લગ્ન સમયે સિન્ધુરાજે સમિયાણામાં હાથમાં હોકા, કાંહો બાંધેલા અંગરખા પહેરી, હાથમાં ચાંદીની ખોલવાળી જેડીઓ લઇને આવેલા પાટીદારોને જોયા. આવા પાટીદારોને જોઇને સિન્ધુરાજને કુતુહલ થયું. એણે પૂછયું, 'આ બધા કોણ છે ?' આ પ્રજા વિષે માહિતી મેળવી. જયારે પાટીદારો 'હાથગપણુ' કરવા ગયા ત્યારે સિન્ધુરાજે ચાંલ્લો લેવાની ના પાડી. તમે મારા રાજયમાં આવીને વસો, તો જ તમારું હાથગપણું લઇશ.' પાટીદાર આગેવાનોએ કહ્યું, 'અમારે અમારી જ્ઞાતિને પૂછવું પડે પછી તમને કહીએ. અનેક દિવસો પાટીદાર જ્ઞાતિએ ચર્ચા-વિચારણા કરી અંતે ૫૦૦ કુટુંબોને માળવા મોકલ્યા. ત્યાં સિન્ધવરાજે સારી સુવિધાઓ આપી વસાવ્યા. લોકો આબાદ બન્યા. ત્યાં ગયેલા લોકોની આબાદીના સમાચાર સાંભળી પાટીદારો પાટણવાળો પંથક છોડી માળવા જવા માંડયાં. વિ.સં. ૧૦૬૭ માં ભોજ ગાદીએ આવ્યો. તેણે કૃષિને ઉત્તેજન આપ્યું. બેતવા નદી ઉપર અનેક નાના ડેમો બનાવ્યા. ભોજબંધ બાંધી વિશાળ તળાવ ૨૫૦ વર્ગ માઇલમાં બનાવ્યું. ભોજબંધ પરથી હાલનું ભોપાલ થયું. આ સમયે ભોજ રાજાએ પાટણવાડાના પાટીદારોને વિવિધ પ્રલોભનો આપીને માળવામાં વસાવ્યા. પાટણવાળો આખો પંથક ખાલી થવા માંડો. પાટણના રાજા ભીમદેવે સ્વતંત્ર મિજાજના પાટીદારોને માળવા જતા અટકાવવા માટે એમના ઇષ્ટદેવી ઉમિયા માતાજીનું શરણું લીધું. માતાજીના માધ્યમ દ્વારા માતાજીના પૂજારી પાસે ધૂણીને અવું કહેવડાવ્યું કે, "હે મારા સંતાનો એવા પાટીદારો તમે દર બાર વરસે મારા સાનિધ્યમાં રહીને બંધુકાવિવાહ કરો છો, મને બલિ ચઢાવો છો. તમે માળવા જશો તો મને નૈવેધ કોણ કરશે, બલિ કોણ આપશે. હું તમારા પર કોપાયમાન થઇ છું. માટે કરીને તમે હવે માળવા જશો નહીં."

એક બાજુ પોતાના પ્રચંડ આસ્થાના પ્રતિક સમાન કુળદેવી ઉમિયા માતાજી તરફથી ધાર્મિક ભય ઉભો થયો હતો. તો બીજી બાજુ પોતાના સગા-વહાલા, ભાઇ-ભાંડુઓ માળવા જઇને આબાદ બન્યા હતા. માટે ત્યાં જવાનું પ્રલોભન હતું. શું કરવું ? શું ન કરવું ? એવી સ્થિતિ ઉભી થઇ,

ધાર્મિક ભય વચ્ચે પણ કેટલાક પાટીદારો રાત્રે પોતાની ધરવખરી ગાડે નાંખીને માળવા જતા રહેતા. આ સમયે ઉત્પન્ન થયેલ કહેવત હજુ આજે પણ જનવપરાશમાં એવીને એવી તરોતાજગી ધરાવે છે.

માળવ, ઉજ્જૈન, ઇન્દોર, ભોપાલ, શાહજાપુર, નિમાડ, ચંબલ, કોટા, ધાર, ખંડવા વગેરે મધ્યપ્રદેશના વિસ્તારોમાં ૨૫ થી ૩૦ લાખ પાટીદારો વસે છે, જેમની અટકો ઉત્તર ગુજરાતના ગામનામોને આધારે પડેલી છે. ઉમિયા માતાજી ઊંઝાના મંદિરેથી બંધુકા વિવાહની લગ્ન પત્રિકા ત્યાં માળવા જતી હતી. તેઓ ત્યાં પણ બંધુકાવિવાહ કરતા હતા. આ કહેવતની ઉત્પતિના કેન્દ્રમાં ઉંઝાનગર અને ઉમિયા માતાજી પ્રત્યેની આસ્થા, શ્રદ્ધા અને ભક્તિ પડેલી છે.

સમયના લાંબા પટ ઉપર બનતી રહેલી માળવા તરફના સ્થળાંતરોની વિવિધ ઘટનાઓને અટકાવવાના પ્રયત્નમાંથી આ કહેવતનું સર્જન થયું છે. આ કહેવતના સર્જનના મૂળમાં તો પ્રજાના સ્થળાંતરો, તેમનો વ્યવસાય, પોતાના ઇષ્ટદેવી-દેવતા તરફનો શ્રદ્ધા અને ભક્તિભાવ કેન્દ્રમાં રહેલો છે. એક નાનકડી કહેવત પ્રજાના ઇતિહાસ અને સંસ્કૃતિને કેટલા લાંબા સમયથી સાચવતી આવી છે. અને સાચવતી રહેશે. એક નાનકડી કહેવત કેટલા મોટા ઐતિહાસિક ઘટનાક્રમને પોતાની ગોદમાં છુપાવીને લાખો-કરોડો માણસોના કંઠે ઉચારાતી પેઢી-દર પેઢથી ઉતરી આવતી હોય છે. આવી કહેવતોના હાર્દ સુધી પહોંચવું પણ કઠોર તપશ્ચર્યા માગી લે છે.

(૩) "બાળ-જોડકણુ"

"અવળી ઘંટી, અવળો લોટ

ભાજ્યો રે ઊંઝાનો કોટ

કોટ ઉપર કુંચી, થઇ તલવારો ઊંચી,

થઇ તલવારો ઊંચી."

આપણાં પરંપરાગત બાળ જોડકણાં ઐતિહાસિક દૃષ્ટિએ, સામાજિક દૃષ્ટિએ, સાંસ્કૃતિક દૃષ્ટિએ, નૃવંશશાસ્ત્રની દૃષ્ટિએ અને ભાષાશાસ્ત્રીય દૃષ્ટિએ અત્યંત મહત્વના હોવા છતાં આ બાળજોડકણાંનો આપણે અભ્યાસ કર્યો જ નથી. આપણે તેને સંપાદિત કર્યા નથી. સંગ્રાહિત કરી શકયા નથી. આપણી દૃષ્ટિ એ તરફ ગઇ નથી. સંપાદિત થયા હોય તો તેનો અભ્યાસ પણ થઇ શકે.

ઊંઝા નગરના આસપાસના ગામોમાં કહેવાતું આ નાનકડું બાળજોડકણું કેટલી મોટી વ્યાપક એવી ઐતિહાસિક ઘટનાને પોતાની ગોદમાં છુપાવી, નાના બાળકોનું કેટલા વર્ષોથી મનોરંજન કરતું આવ્યું હશે. 'ભાજયો રે ઊંઝાનો કોટ' એમ બાળ જોડકણામાં ગવાય છે. પણ અર્વાચીન ઊંઝા નગરમાં કોટ આજે દેખાતો નથી. આ ઊંઝા અત્યંત પ્રાચીન નગર છે. પતંજલિએ અષ્ટાયધ્યાયીમાં ઇ.સ. પૂર્વે ૭૦૦ વર્ષ પહેલા આ નગરને ઉદ્દીચ્ય ગ્રામ તરીકે ઓળખાવ્યું છે. તો વડનગરના અર્જુનબારી દરવાજના શિલાલેખમાં નાશ પામેલા ઉદ્દીચ્ય ગૃપના એટલે નાશ પામેલા ઊંઝા નગરના રાજાના તજાયેલા શ્વેત છત્રોનો ઉલ્લેખ છે. પાટણની સ્થાપના પૂર્વે ઊંઝા નગરના સ્વતંત્ર રાજાઓના ઉલ્લેખો વહીવંચા બારોટોના ચોપડાઓમાં જોવા મળે છે. ઊંઝા નગર ફરતે ઊંઝાના રાજા રામદત્તે કોટ બનાવ્યો, કોટની બહાર ખાઇ બનાવી હતી. આજે પણ મૂળ ઊંઝા નગરની ચારે બાજુ ૨૦૦ ફૂટ પહોળી-૩૦ થી ૨૫ ફૂટની ઊંડાઇ ધરાવતી ખાઇ મૌજૂદ છે. અત્યારે રોડ રસ્તા બનાવતી વખતે હવે તેને પુરવામાં આવી રહી છે.

આ નગર ઉપર ચંદ્રવંશી સરિયાતી રાજા વેરો નાખવા ચઢી આવ્યો હતો. વિ.સં. ૬૫૨ માં ઊંઝા ઉપર અલીબેર ચઢી આવ્યો. આ અલીબેરે ઉજ્જૈનનો નાશ કરી,ઇડર-મોડાસાને નુકશાન કરી, ગઢ ઉમિયાપુર ઉપર ચઢી આવી ઊંઝાને ઘેરો ઘાલ્યો. બાવન શાખના પાટીદારોએ સત્તર દિવસ પ્રતિકાર કર્યો. આખરે ઊંઝા ગઢ તૂટયો. અલીબેરના સૈન્યના સેનાપતિ ફરકશાહના નેતૃત્વ નીચે ઊંઝા ગામને ભાંગી નાંખ્યું. આખો ઊંઝા ગઢ વેરવિખેર થઇ ગયો. કેટલાક ચાંપાનેર ગયા,કેટલા ભૂજ પરગામાં ગયા, કોઇ જયપુર પરગણામાં, કોઇ અંબેર પરગણામાં ગયા. બધા વેરવિખેર થઇ ગયા. વિ.સ. ૬૫૨ માં ઉજ્જડ થયેલું ઊંઝા શહેર વિ.સં. ૬૫૫ ના ચૈત્ર સુદને ૪ ને ગુરૂવારના દિવસે ફરી વસાવવામાં આવ્યું.

આ બાળજોડકણું ઐતિહાસિક દૃષ્ટિએ કેટલું ઊંડાણ ધરાવે છે, તેનું ઐતિહાસિક મૂલ્ય કેટલું છે. તે આ દિશાના મર્મી અભ્યાસી સિવાય કોણ જાણી-પ્રમાણી શકે, આજે પણ ઊંઝામાં કોટફૂવા (કે જ્યાં ઝદાના વેશમાં ઉલ્લેખાયેલ તેજી વાણિયણ રહેતી હતી.) લાલ દરવાજા, રાજગઢ, લશ્કરી છાવણી, કોટની બારી, જોવા નામોએ ઓળખાતા આ વિસ્તારો ઊંઝાની પ્રાચીનતાની ગવાહી પૂરે છે. આ સ્થળ નામો ઊંઝા નગરની પ્રાચીનતાની અશ્મિઓ (Fossila) છે. એક નાનકડું બાળજોડકણું ઊંઝા ઉપર થયેલા મોટા આક્રમણોની ઘટના અને પ્રજાના મોટા સ્થળાંતરોને પોતાની ગોદમાં છુપાવીને ગવાતું જાય છે. ઝીલાતું જાય છે.

(૪) લોકગીત : (મામેરા પ્રસંગે ગાવતું લગ્નગીત)

માડીના, ચાંદલિયો, ઉગ્યો ને હઇડ્યો આથમી રે,

માડીના, કયાં લગણ જોઉ તમારી વાટ રે,

મામેરા વેળા વહી જાશે રે.

બેની, મણિયારીને હાટે ઘોડલો હલકી રહ્યો રે,

બેની, ચૂડીલા વસાવતાં લાગી વાર રે,

મામેરા વેળા હવે થાશે રે.

(સોનીડાની હાટે– ઝૂમણાં, ડોશીડાની હાટે – ચૂંદડી એમ આગળ ગવાયા)

(પૃષ્ઠ-૧૪૫, ઝમરખ દીવડો, અમૃત પટેલ, સુધારેલી પ્રથમ આવૃત્તિ ૨૦૧૦)

જે જ્ઞાતિમાંથી ગીત મેળવ્યું હોય તે જ્ઞાતિનો ઇતિહાસ, જે તે ગીત કયારે ગવાય છે તેનો સંદર્ભ અને ગીતમાં ગવાયેલ ઘટના, પ્રસંગનો સામાજીક સંદર્ભ તેમજ ગીતમાં ગવાતી કોઇ ખગોળીય ઘટના જે તે સ્થળની તમે જાણી ન શકો તો ગીતને માણી, પ્રમાણી કે જાણી શકો નહીં. લગ્નપ્રસંગે માંડવરાત્રીએ મામેરું ભરવા માટે ગવાતું મામેરા પ્રસંગનું લગ્નગીત કડવા પાટીદાર જ્ઞાતિમાંથી મેળવાયેલું છે.

ગુજરાતભરની તમામ જ્ઞાતિ-જાતિમાં આ મામેરા ગીત ગવાતું હશે. પણ લગ્નપ્રસંગે મામેરું ભરતીવેળા ગવાતા આ ગીતનો ઊંઝા નગર સાથેનો સંદર્ભ કેમ જોડાયેલો છે ? તો તેનો અભ્યાસ આ પ્રમાણે છે.

પ્રથમ તો ગીતમાં ગવાતી ચાંદલિયો ઉગવાની અને હઇણ્યો આથમવાની ઘટના વર્ષમાં કયારે બને છે તે નકકી કરવું પડે. આ ખગોળીય ઘટના વિષે ઝવેરચંદ મેઘાણી માત્ર વૈશાખ માસ હશે તેટલું નિશ્ચિત કરી શકયા છે. તેનો દિવસ નકકી કરી શકયા નથી તે નોંધવું રહ્યું.

બીજી બાબત ચાંદલિયાનું ઉગવું અને હઇણ્યો (મૃગશીર્ષ નક્ષત્ર)નું આથમવું અને તે દિવસે જ લગ્નોત્સવ ઉજવાય અને તે દિવસે જ માંમેરું ભરવાની પરંપરા કઇ જ્ઞાતિ કે કયા પ્રદેશમાં છે તે નકકી કરવું પડે. આવા અભ્યાસના પ્રમાણભૂત પુરાવાઓ પણ શોધીને મૂકવા પડે તો જ ગીતના મર્મસ્થાન સુધી કે તેના કેન્દ્રબિંદુ સુધી પહોંચી શકાય.

સમગ્ર પશ્ચિમ ભારતમાં વસતા કડવા પાટીદારોનું મૂળ કેન્દ્ર ઊંઝા રહ્યું છે. ભારતભરમાં આ એક જ જ્ઞાતિ એવી છે કે જે અંદાજે અઢી હજાર વર્ષથી 'બંધુકાવિવાહ' ની પરંપરા પ્રમાણે લગ્નોત્સવ ઉજવતી આવી છે. આ 'બંધુકાવિવાહ' અવનીપત રાજાથી ઉત્પન્ન થયા છે. આ 'બંધુકાવિવાહ' એટલે દર ૭-૯-૧૦ કે ૧૨ વર્ષે કે જયારે સિંહ રાશિનું વર્ષ આવે ત્યારે સમગ્ર કડવા પાટીદાર જ્ઞાતિમાં લગ્નોત્સવ ઉજવાતો. આ દિવસે ઊંઝા ઉમિયા માતાજીના મંદિરના દરવાજા ખુલતા. બંધુકાવિવાહના આ લગ્નોત્સવ દરમ્યાન કડવા પાટીદારોના સવા મહિનાથી માંડી ૭-૯-૧૦ કે ૧૨ કે બંધુકાવિવાહ ના વર્ષે જે ઉંમર થઇ હોય તે ઉંમરના તમામ સંતાનોને પરણાવી દેવામાં આવતા. સંપૂર્ણપણે આ બાળલગ્નો હતા. જે ઘરેથી જાન ગઇ હોય તે ઘેર જાન આવી પણ હોય. આ જાનો પંદર થી વીસ દિવસ રોકાતી. એક જ માડવ રાત્રીએ સમગ્ર જ્ઞાતિના બાળકોના ફેરા ફરવાની વિધિ થતી અને લગ્નોત્સવ ઉજવતો. ઊંઝા ઉમીયા માતાજીના મંદિરેથી લગ્નોત્સવના ત્રણેક મહિના પહેલા સાત લગ્નપડા લખીને અસારવા (અમદાવાદ), ભુજ, પાટડી, ઇડર, મોરબી, સુરત, ઉજ્જૈન (ધાર), ઝાલાવાડ (રાજસ્થાન) જેવા સ્થળોએ જતા. ત્યાંથી બીજા લગ્નપડા તૈયાર થઇને દૂર દૂરના ગામોએ મોકલવામાં આવતા. મધ્યપ્રદેશમાં લગ્ન મોકલવા માટે સેવાલિયા રેલવે સ્ટેશનથી થોડે દૂર મહી નદીના કાંઠે લગ્ન માતાનું મંદિર બનાવ્યું હતું. ઊંઝાથી લગ્ન માતાના મંદિરે લગ્ન પડો જતો અને ત્યાંથી મધ્ય પ્રદેશનાં પાટીદારો આ લગ્નપડો લઇ જતા. આમ આખી જ્ઞાતિમાં લગ્નોત્સવના મુર્હતની તીથિઓ પહોંચી જતી હતી.

આ 'બંધુકાવિવાહ' ના સમયે ઊંઝા ઉમિયા માતાજીના મંદિરે આખા ખીજડાનો માણેકસ્તંભ રોપવામાં આવતો. જેમના ઘેર લગ્ન હોય તેમણે માણેકસ્તંભ રોપવાની જરુર હોતી. સમગ્ર પ્રશ્ચિમ ભારતમાં વસતા કડવા પાટીદારોમાં જેમના ઘેર લગ્નોત્સવ હોય તેમણે ગોત્રજ ભરવાનો રહેતો નહોતો. કારણ કે ઊંઝા ઉમિયા માતાજીના મંદિરે કડવા પાટીદારોની એક શાખ ભોંમોટ દ્વારા સમગ્ર જ્ઞાતિવતી ગોત્રજ ભરવાની વિધિ કરવામાં આવતી હતી. માણેકથંભ રોપવાની, ગોત્રજ ભરવાની, લગ્ન લખવા જેવી મહત્વની વિધિઓ ઊંઝા ઉમિયા માતાજીના મંદિરે સમગ્ર જ્ઞાતિ વતી કરવામાં આવતી હોઇ તે સમયે લોકો કહેતા કે: "અડાયું છાણું અને ડોકલી ઘી, કડવો પરણે રાત ને દી."

આ લગ્નોત્સવની તિથિઓ સમગ્ર પશ્ચિમ ભારતમાં વસતા કડવા પાટીદારોમાં કોઇ કારણસર સમયસર ન પહોંચી શકવાને કારણે વિ.સં. ૧૯૦૬ માં ઊંઝાના થોભણદાસ મોલ્લોતે દર દસ વર્ષે જે વિ.સ. પાછળ ૬ આવે તે વર્ષની અખાત્રીજના દિવસે માંડવરાત્રી ગણી લગ્નોત્સવ

ઉજવવાનું માતાજીના સ્વપ્નના નામે નકકી કર્યું. ત્યારથી વિ.સં. ૧૯૦૬, વિ.સં.૧૯૧૬, વિ.સં.૧૯૨૬, વિ.સં.૧૯૩૬, વિ.સં.૧૯૪૬, વિ.સં.૧૯૫૬ માં છપ્પનિયો દુષ્કાળ પડતાં આ લગ્નોત્સવ વિ.સં. ૧૯૫૭ માં યોજાયો. ત્યાર બાદ વિ.સં. ૧૯૬૬, વિ.સં.૧૯૭૬ અને છેલ્લે વિ.સં.૧૯૮૬ ના અખાત્રીજના દિવસે યોજાયાં. અખાત્રીજની તીથિ નકકી થઇ. વિ.સં. ૧૯૦૬ માં પણ તે પૂર્વે પણ આ લગ્નોત્સવ ચૈત્ર- વૈશાખમાં જ યોજાતા હતા. વિ.સં. ૧૯૭૬ થી અંગ્રેજ સરકાર, વડોદરા રાજય, પાટડી દરબાર અને જ્ઞાતિના સુધારાવાદી યુવકોના સંયુકત એવા દસેક વર્ષના પ્રયત્નો બાદ આ બંધુકા વિવાહની પ્રથાનો અંત વિ.સં. ૧૯૮૬ પછી આવ્યો. આ જ્ઞાતિમાં પરંપરાથી વૈશાખ મહિનામાં અખાત્રીજના દિવસે જ લગ્નોત્સવ યોજતો હોવાને કારણે, તદઉપરાંત આ માંડવ રાત્રીએ માંયરામાં જ મામા મામેરું ભરતા હોવાને કારણે આ લગ્નગીત ચોકકસપણે આ જ જ્ઞાતિનું મામેરા ગીત છે એમ કહી શકાય. વળી આ જ્ઞાતિ, સમગ્ર ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઝાલાવાડ, કોટા, અજમેર, ચિતોડ અને મહારાષ્ટ્રના ખાનદેશના કેટલાક ગામોમાં પરાપૂર્વથી વસે છે. તેથી આ ગીતનું ચલણ સમગ્ર ગુજરાતમાં હોય તે પણ સ્વાભાવિક છે. આજથી પાંત્રીસ-ચાલીસ વર્ષ પૂરવે ઊંઝા આસપાસના ગામોમાં પાટીદારોના લગ્નો વૈશાખ મહિનામાં યોજાતા અને ત્યાર બાદ ગામની અન્ય જ્ઞાતિઓનાં લગ્નો વૈશાખ ઉતર્યા બાદ યોજતાં હતાં.

કેટલીક જ્ઞાતિઓ શિયાળામાં લગ્નો યોજતી હતી. ગુજરાતભરમાં પ્રાચીન સમયથી બીજી કોઇ જ્ઞાતિ અખાત્રીજના દિવસે પરંપરાથી પોતાની જ્ઞાતિના લગ્નોત્સવો યોજતી નથી. તેમજ તે જ દિવસે મામેરું ભરતી નથી, તેથી આ લગ્નગીત (મામેરાગીત) આ જ્ઞાતિની પરંપરામાંથી સર્જન પામ્યું છે તેમ કહી શકાય. એક વાર સર્જન થયા પછી લોકગીતનું પ્રચલન સર્વદેશીય બની જતું હોય છે.

આ ખગોળીય ઘટનાનો મેં અનેક વર્ષો સુધી મારા વતનના ગામેથી નિરીક્ષણો કર્યા છે. વિ.સં. ૨૦૬૫ ના વૈશાખ સુદ ત્રીજ (અખાત્રીજ) તા.૨૭/૪/૨૦૦૯ ને સોમવારના દિવસે મેં ઊંઝાથી ઉત્તરે ત્રણ કિલોમીટર આવેલ મકતુપુર મારા વતનના ગામેથી મેં જાતે કરેલું નિરીક્ષણ આ મુજબનું હતું.

“અખાત્રીજના દિવસે સાંજે ૭.૧૫ મિનિટે સુર્યાસ્ત થયો. સાંજે ૭-૪૬ મિનિટથી અઇણ્યો નક્ષત્ર (મૃગશીર્ષ) ઝાંખુ ઝાંખુ દેખાતું હતું. ૭.૫૪ મિનિટથી તે પ્રમાણમાં ચોખ્ખું દેખાવા માંડ્યું હતું. તેમ છતાં ૭.૫૫ મિનિટ સુધી પશ્ચિમમાં ઝાંખો ઝાંખો સૂર્યપ્રકાશ હતો. આ સમયે પશ્ચિમ

દિશામાં ઉગેલ ચંદ્રથી દક્ષિણ દિશા બાજુએ સહેજ ઉપરની બાજુએ અઇણ્યો નક્ષત્ર દેખાય છે. ચંદ્રની બીજ કોઇ દિશામાં સહેજ પણ ઊંચીનીચીં જણાતી નથી. પરંતુ બારીકાઇથી જોતાં તે સહેજ ઉત્તર તરફના છેડે ઊંચી હોય તેવી દેવાય છે. આ અઇણ્યો નક્ષત્ર બરોબર આઠ કલાકેથી સારી રીતે જોઇ શકાય છે.

ચંદ્ર (બીજ) અને અઇણ્યો નક્ષત્ર વચ્ચેનું અંતર પ્રમાણમાં ઠીક ઠીક છે. ચંદ્રથી દક્ષિણ દિશા તરફ એક સીધી લીટી દોરતાં સહેજ ઉપરની બાજુએ અઇણ્યો નક્ષત્ર દેખાય છે. આ મૃગશીર્ષ નક્ષત્ર ૯ કલાક અને ૦૭ મિનિટ સુધી નરી આંખે જોઇ શકાય છે. ત્યારબાદ આંખો ખેંચીને જોતા પાંચ- સાત મિનિટ સુધી જોઇ શકાય છે. ૯ કલાક અને ૧૫ મિનિટ પછી તેને બિલકુલ જોઇ શકાતું નથી. જયારે ચંદ્ર ૯ કલાક અને 30 મિનિટ સુધી આથમતો જોઇ શકાય છે. આ મૃગશીર્ષ નક્ષત્ર જમીનમાં ઉતરવાને બદલે આકાશમાં જ ડૂબી જાય છે. પણ તેના પછી ચંદ્ર ખાસ્સો વીસ-બાવીસ મિનિટ સુધી જોઇ શકાય છે. આમ ચંદ્ર ઉગેલો જ હોય અને અઇણ્યો નક્ષત્ર આથમી જાય છે. તેથી લગ્નગીતની પંક્તિ સાર્થક છે કે 'માડીના ચાંદલિયા ઉગ્યો ને અઇણ્યો આથમી રે.'

અખાત્રીજના બીજા દિવસે અઇણ્યો નક્ષત્ર ૮ કલાક અને ૫૦ મિનિટ સુધી પ્રમાણમાં ઠીક ઠીક જોઇ શકાય છે. ૮ કલાક અને ૫૦ મિનિટ પછી પ્રમાણમાં ઝાંખુ ઝાંખુ જોઇ શકાય છે. જે વ્યક્તિને દૂરના એકથી બે નંબર હોય તેવી વ્યક્તિ જોઇ ન શકે તેટલી હદે ઝાંખુ દેખાય છે. આ દિવસે ચંદ્રની રેખા ઉત્તર તરફ સહેજ ઉંચી દેખાય છે. મૃગશીર્ષ નક્ષત્ર રાત્રે ૯ કલાક અને ૯ મિનિટે આકાશમાં ડૂબી જાય છે. ક્ષિતિજમાં ઊંડે ઉતરી જાય છે. તે આથમી શકતી નથી, તે આ અઇણ્યો કે મૃગશીર્ષ નક્ષત્રની વિશેષતા છે. મારા અભ્યાસ પ્રમાણે આ દિવસે જ ચંદ્રનું ઉગવું અને અઇણ્યાં નક્ષત્રનું આથમવું એ ઘટના બને છે."

ઉત્તર ગુજરાતમાં ઇન્દ્ર ઉપાસનાના શુકનના મોટા મોટા લોકોત્સવો મેળાઓ ભરાય છે. આ શુકન કયા દિવસે યોજાશે તે નકકી કરવા માટે આ દિશાના રસિક વૃદ્ધો કે તેમને કરબટાના ભાગરૂપે આ લોકોત્સવોમાં મહત્વનો ભાગ બનીને ઉત્સવની જવાબદારી વહન કરવાની છે. તેવા વૃદ્ધો બીજનો ચંદ્ર કયા દિવસે ઊગે છે તેના આધારે આ ઉત્સવ આવનારા સમયે કયા દિવસે કઇ તિથિએ ઉજવવાનો છે તેનો સમયનિર્ધારણ કરતા હોય છે. આમ લોકો સમાજમાં ચંદ્ર નિરીક્ષણ અનેકવિધ પ્રયોજનો માટે પરંપરાથી કરતા આવ્યા છે.

લોક સમૂહ તો અખાત્રીજના અર્ધવલય ચંદ્રને પણ ચાંદલિયો કહીને ગાવાનો, ગાનારાને મન ગીતમાં ગવાતા ભાવોનું મહત્વ છે. એમાં સુક્ષ્મ નિરીક્ષણ કે ઝીણું કાંતવાનું એને અભિપ્રેત નથી જ. વિદ્વતાથી લોકગીતને તોલવું ઇષ્ટ નથી, પરંતુ લોકસમજ પ્રમાણે લોકગીતના અભ્યાસીએ ચાલવું પડે, અને તો જ લોકને મન જે ઇષ્ટ છે તે ભાવોને પાડી શકાય.

જેમ અર્વાચીન કવિતાનું સર્જન કવિ કરે છે તે જ રીતે લોકગીતનું સર્જન પણ લોકમાં રહેલ કોક લોકકવિ કરતો જ હોય છે. પછી તે કોઇ એક વ્યક્તિ હોય કે કોઇ નાનકડું સામાજીક જૂથ હોય કે પછી કોઇ ધંધાદારી ચારણ, ભરથરી, બારોટ કે તૂરી જેવા લોકગાયકો પણ હોઇ શકે છે. લોકગીત-સર્જનના પ્રારંભિક તબકકામાં આ લોકગીતના વાહકો એવા તેના ગાયકો દ્વારા તેમાં થતાં સુધારા-વધારા-ક્ષેપકો-પ્રક્ષેપકોને કારણે આ ગીત ધીરે ધીરે તેનું સ્વરૂપ બદલતું રહે છે. પછી તે સર્વદેશીય-સર્વવ્યાપક અને લોકાનુકુલ બની જતું હોય છે. દરેક લોકગીતની વ્યુત્પત્તિનો એક આગવો ઇતિહાસ હોય છે. નદી અને લોકગીતના મૂળ ઉદભવને શોધવાનું કાર્ય અત્યંત કઠિન અને દુર્ગમ હોવા છતાં સાચા સંશોધકો પગેરું દબાવતા દબાવતા તેના મૂળ સુધી પહોંચી પણ શકે છે.

લોકગીતો એ તો સાહિત્યિક કૃતિ નથી તે સામાજિક જરૂરિયાતો અને તેના સંદર્ભમાં જ ઉદ્દભવી હોવાનું કારણે આવી કૃતિઓને સમજવા માટે સામાજિક ઇતિહાસ, સમાજના વટ-વહવાર-તહેવાર-પોશાક-ખાનપાન-રીતીરિવાજ વગેરેનો અભ્યાસ હોવો અત્યંત આવશ્કય છે. પછી જ આવા લોકગીતનું અર્થઘટન કરી શકાય.

એક વાર ગીતનું પ્રચલન થઇ ગયા બાદ શિયાળા કે ચોમાસામાં લગ્ન હોય અને મામેરું ભરાતું હોય પણ ગાનારીઓ તો એમ જ ગાવાની “માડીના ચાંદલિયો ઉગ્યો ને અઇણ્યું આથમી, માડીના ચ્યોં લગણ જોઉં તમારી વાટ રે, માંમેરા વેળા વહી જાશે રે.” કોઇ વિશિષ્ટ સમય સંજોગોને કારણે આવા લોકગીતનો ઉદ્દભવ થયો હોય પછી તો સામાજિક પરિસ્થિતિને અને સંદર્ભ બદલાઇ ગયા હોવા છતાં એક રીત-રિવાજને કારણે ગીત તો ગવાતું જ રહેવાનું, આ તો લોકગીતોની ખૂબી છે.